# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
## BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[ Gujarat Public Universities Act No. 15/2023 ]


ક્રમાંક/B.K.N.M.U./N.S.S./55/2026 તા. 20/04/2026

**વિષય** – જીલ્લામાં આવેલ સંસ્થાઓમાં નશામુક્ત ભારત અભિયાન હેઠળ વિવિધ પ્રવૃતિઓ અને કાર્યક્રમો હાથ ધરવા બાબત.

**સંદર્ભ** – કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી ગીર સોમનાથ જીલ્લો તા. ૦૪-૦૪-૨૦૨૬ ના પત્ર ક્રમાંક નં. વહટ/વશી/૦૪૦૪/૨૦૨૬ મુજબ.

## પરિપત્ર :-

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ સંલગ્ન એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સને જણાવવાનું કે ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે નશામુક્ત ભારત અભિયાન અંતર્ગત જીલ્લામાં આવેલ તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓમાં કેફી દ્રવ્યો નશાયુકત પદાર્થોના નુકશાન અંગે જાગૃતિ લાવવા વ્યાખ્યાનો, સ્પર્ધાઓ રેલીઓ, શપત કાર્યક્રમો તથા અન્ય પ્રવૃતિઓ આયોજન કરવા જણાવવામાં આવે છે.

સંદર્ભિત પત્રની વિગતો ધ્યાને લઇ, પત્રમાં થયેલ સૂચનાઓ મુજબ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ સંલગ્ન એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ પોતાની કોલેજ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સએ NSS યુનિટ દ્વારા ઉક્ત કાર્યક્રમોનું આયોજન કરવા તથા આ કાર્યક્રમોની માહિતી સંદર્ભિત પત્રથી જણાવેલ નિર્ધારિત પત્રકમાં જીલ્લા સુરક્ષા અધિકારીશ્રી, ગીર સોમનાથને તથા અત્રે ભક્તકવિ નરસિંહ મહેતા યુનીવર્સીટી ખાતે ઈ-મેઈલ – nss@bknmu.edu.in પર મોકલી આપવાનું રહેશે.

પ્રો. કો- ઓર્ડીનેટરશ્રી,
એન.એસ.એસ.વિભાગ
BKNMU – જુનાગઢ

<u>બિડાણ :</u>

- સંદર્ભિત પત્રની નકલ

**<u>નકલ રવાના જાણ અર્થે : -</u>**

- રાજ્ય એન.એસ.એસ. અધિકારીશ્રી,ગાંધીનગર તરફ.....
- રીજીયોનલ ડાયરેક્ટરશ્રી, એન.એસ.એસ. ક્ષેત્રીય કાર્યાલય, અમદાવાદ તરફ...
- માન. કુલપતિશ્રી/ કુલસચિવશ્રી ના અંગત સચિવશ્રી તરફ...

Azadi Ka Amrit Mahotsav

# કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી ગીર સોમનાથ જિલ્લો

વેરાવળ–તાલાલા રોડ, મું.ઈણાજ, તા.વેરાવળ, જિ.ગીર સોમનાથ
ફોન નં.૦૨૮૭૬–૨૮૫૩૪૪ ફેકસ નં.૦૨૮૭૬–૨૮૫૩૦૦
e-mail:- collectorgirsomnath@gmail.com

નં.વહટ/વશી/૦૪૦૪/૨૦૨૬ તા.૦૪/૦૪/૨૦૨૬

પ્રતિ,
(૧) માન.પોલીસ અધિક્ષકશ્રી,ગીર સોમનાથ
(૨) રજીસ્ટારશ્રી,સોમનાથ સંસ્કૃત યુનિ.,વેરાવળ
(૩) રજીસ્ટારશ્રી,ભકત કવિ નરસીંહ મહેતા યુનિ.,જુનાગઢ
(૪) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,ગીર સોમનાથ
(૫) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,ગીર સોમનાથ
(૬) નાયબ નિયામકશ્રી,(વિ.જા.),ગીર સોમનાથ
(૭) નાયબ નિયામકશ્રી,(અ.જા.), ગીર સોમનાથ
(૮) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી,ગીર સોમનાથ
(૯) જિલ્લા રોજગાર અધિકારીશ્રી,ગીર સોમનાથ
(૧૦) જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી,ગીર સોમનાથ
(૧૧) નાયબ બાગાયત નિયામકશ્રી,ગીર સોમનાથ
(૧૨) નાયબ પશુપાલન નિયામકશ્રી,ગીર સોમનાથ
(૧૩) જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારીશ્રી,ગીર સોમનાથ
(૧૪) પ્રોગ્રામ ઓફિસરશ્રી,આઇ.સી.ડી.એસ,ગીર સોમનાથ
(૧૫) આચાર્યશ્રી,આઇ.ટી.આઇ., તમામ.........

વિષય:– જિલ્લામાં આવેલ સંસ્થાઓમાં નશામુકત ભારત અભિયાન હેઠળ વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો હાથ બાબત.

સંદર્ભ:– નિયામકશ્રી,સમાજસુરક્ષા,ગુજરાત સરકાર,ગાંધીનગરના પત્ર ક્રમાંક નં. DSD/0034/03/2026, તા.૦૨/૦૪/૨૦૨૬

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભિત પત્રથી નશામુકત ભારત અભિયાન અંતર્ગત જિલ્લામાં આવેલ તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓમાં કેફી દ્રવ્યો અને નશાયુકત પદાર્થોના નુકસાન અંગે જાગૃતિ લાવવા વ્યાખ્યાનો, સ્પર્ધાઓ, રેલીઓ, શપથ કાર્યક્રમો તથા અન્ય પ્રવૃત્તિઓ આયોજન કરવા જણાવેલ છે.જે પત્રની વિગતો ધ્યાને લઈ, પત્રમાં થયેલ સુચનાઓ મુજબ આપશ્રી હસ્તકની તમામ સંસ્થાઓમાં ઉકત કાર્યક્રમોનું આયોજન કરવા તથા આ કાર્યક્રમોની માહિતી સંદર્ભિત પત્રથી જણાવેલ નિર્ધારિત પત્રકમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી,ગીર સોમનાથને મોકલી આપવા વિનંતી.

બિડાણ:– ઉપર મુજબ

નિવાસી અધિક કલેકટર
ગીર સોમનાથ

નકલ રવાના:–
જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી,ગીર સોમનાથ......... ઉકત બાબતે સંબધિત અધિકારીશ્રીઓ સાથે સંકલન અને જરૂરી કાર્યવાહી સારૂ.

D:\ADM\2026\LETTER -2.docx

GENERAL REGISTER
Inward No. 239
Date 15/4/26

NSS, BKNMU
Inward No. 28
Dt.: 15/04/26

Government of Gujarat

નિયામક, સમાજ સુરક્ષાની કચેરી,
બ્લોકનં. ૧૬, ગ્રાઉન્ડ ફ્લોર,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
જુના સચિવાલય,
ગાંધીનગર – ૩૮૨૦૧૦.
ફોન નં. : ૦૭૯-૨૩૨ ૫૬૩૦૯
ફેક્સ નં. : ૦૭૯-૨૩૨ ૫૬૩૦૮
મેઈલ : dir-sd@gujarat.gov.in

પ્રતિ,

જિલ્લા કલેકટરશ્રી,

જિલ્લા કલેકટરશ્રીની કચેરી,

જિલ્લા –તમામ

વિષય : જિલ્લામાં આવેલ શૈક્ષણિક સંસ્થાઓમાં નશામુક્ત ભારત અભિયાન હેઠળ વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો હાથ ધરવા બાબત

સંદર્ભ: અધિક પોલિસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી ક્રાઇમ અને રેલ્વેઝ ,૪ થી માળ પોલિસભવન ગુજરાત રાજય ગાંધીનગરના પત્ર ક્રમાંક DGPCR/0202/08/2025 Date-18-02-2026

શ્રીમાન,

સવિનય સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ પત્ર અન્વયે જણાવવાનું કે, કેફી દ્રવ્યો અને નશાયુક્ત પદાર્થોના સેવનથી થતા નુકસાન વિશે અને તેના દુરુપયોગ અટકાવવા માટેની જાગૃત્તિ લાવવા શૈક્ષણિક સંસ્થાઓમાં વિવિધ પ્રવૃતિઓ અને કાર્યક્રમો આયોજીત કરવા જણાવેલ છે. જેમાં તમામ જિલ્લાઓમાં નશામુક્ત ભારત અભિયાન અમલમાં છે. આ અભિયાન અંતર્ગત દરેક જિલ્લામાં જિલ્લા કક્ષાએ સમિતિની રચના કરવામાં આવી છે. આ અભિયાન હેઠળ આપશ્રીના જિલ્લામાં આવેલ સ્કૂલો, યુનિવર્સિટીઓ, પોલિટેકનિક, કોલેજો, ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ, મેડિકલ અને નર્સિંગ કોલેજો, સરકારી અને બિન સરકારી હોસ્ટેલો, વિધાર્થીઓમાં કેફી દ્રવ્યો અને નશાયુક્ત પદાર્થોના સેવનથી તેમજ તેના દુરૂપયોગથી થતાં નુકસાન વિશે જાગૃત્તિ લાવવા માટે હેતુંથી વ્યાખ્યાનો, રમત-ગમત, નિબંધ, વકતૃત્વ, ચિત્ર, સ્પર્ધાઓ, સાઇન અભિયાન, નશામુક્તિના અંગેના સંદેશાઓ ફેલાવવા, સામુહિક ધોરણે ઓફલાઇન નશામુક્તિ શપથ, https://nmba. dosje.gov.in/content/take-a-pledge?type=e-pledge પર જઈ અથવા QR કોડ સ્કેનર થી ઓનલાઇન શપથ લેવા, શૈક્ષણિક સંસ્થાઓમાં નશામુક્તિ ક્લબોની રચના કરવી, શૈક્ષણિક સંસ્થાઓના આજુબાજુના વિસ્તારમાં સામુહિક રેલીઓ, નાટક, સાઇન અભિયાન, અન્ય લોક જાગૃત્તિની પ્રવૃત્તિઓ અને કાર્યકમો આયોજન બધ્ધ રીતે જિલ્લાની સંબધિત કચેરીઓ દ્વારા શિક્ષણ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, પોલિસ, મહિલા અને બાળ વિકાસ, આદિજાતિ, અનુસૂચિત તથા વિકસિત જાતિ કલ્યાણ તેમજ અન્ય કચેરીઓ તથા નશામુક્તિ પર કામ કરતી બિન સરકારી સંસ્થાઓના સહયોગ થી જિલ્લામાં આવેલ શૈક્ષણિક સંસ્થાઓમાં વિધાર્થીઓ માટે ઉક્ત પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો હાથ ધરવા માટે તથા જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓમાં સંબધિત કચેરીઓ દ્વારા હાથ ધરેલ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોની વિગત નીચે મુજબના પત્રકમાં માહિતી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને મોકલી આપવા તથા સદર બાબતે જિલ્લાના સંબધિત કચેરીઓના અધિકારીશ્રીઓ સૂચના થઈ આવવા વિનંતી છે.

| ક્રમ | જિલ્લાનું નામ | જનજાગૃત્તિ માટે પ્રવૃત્તિઓ અને કાર્યક્રમ કરેલ શાળા/કોલેજઅને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ, યુનિવર્સિટી, આઇ.ટી.આઇ, પોલિટેકનિક, મેડીકલ અને નસિંગ કોલેજો, સરકારી અને બિન સરકારી હોસ્ટેલો,) નું નામ | પ્રવૃત્તિઓ અને કાર્યક્રમનો વિષય | હાજર રહેલ વિધાર્થીઓ અધિકારીશ્રીઓ / કર્મચારીઓ અન્ય વ્યકિતઓની સંખ્યા | લેવડાયેલ"E-Pledge ની સંખ્યા |
|---|---|---|---|---|---|
| કુલ | | | | | |

બિડાણ : ઉપર મુજબ

નિયામક

Signature Not Verified
Signed by : VIKRAMSINH K JADAV
Director
Directorate of Social Defence
Date : 2026.04.02 18:44:37 IST

File No: DSD/TPL/e-file/226/2023/0846/Children Protection Branch
Approved By: Director,DSD

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

સમાજ સુરક્ષા
ગુજરાત રાજય, ગાંધીનગર

સવિનય નકલ રવાના:

૧.ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી બીજો માળ, બ્લોક નંબર 12, ડૉ. જીવરાજ મહેતા, ગાંધીનગરને જાણ સારૂ.

૨.કમિશનરશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી બ્લોક નંબર 2, 6ઠ્ઠો માળ, કર્મયોગી ભવન, સેક્ટર-10-એ, ગાંધીનગરને જાણ સારૂ.

૩.કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રીની કચેરી બિરસામુડા ભવન, ગાંધીનગરને જાણ સારૂ.

૪.કમિશનરશ્રી, શાળાઓની કચેરી બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-19, ગાંધીનગરને જાણ સારૂ.

૫. નિયામકશ્રી, રોજગાર અને તાલીમની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન , ગાંધીનગરને જાણ સારૂ.

૬.નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, બ્લોક નં.૧૨, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરને જાણ સારૂ.

૭. નિયામકશ્રી, (કૃષિ / બાગાયતી / પશુપાલન), ગાંધીનગરને જાણ સારૂ.

૮. નિયામકશ્રી, (અનુસૂચિત તથા વિકસિત જાતિ કલ્યાણ), ગાંધીનગરને જાણ સારૂ.

૯.અધિક નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવા અને તબીબ શિક્ષણની કચેરી,ગાંધીનગરને જાણ સારૂ.

૧૦. રજીસ્ટારશ્રી યુનિવર્સિટીઓ / કોલેજો / પોલિટેકનિક / આઇ.ટી.આઇ / મેડિકલ અને નર્સિંગ કોલેજો / કૃષિ અને સહકારની કોલેજો (સરકારી તથા બિનસરકારી) – જિ. તમામ

૧૧. જિલ્લા પોલિસ અધિક્ષકશ્રી જિલ્લા પોલિસ અધિક્ષકશ્રીની કચેરી જિ –તમામ જરૂરી કાર્યવાહી અર્થે

૧૨ .નાયબ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરને જાણ સારૂ.

૧૩.જિલ્લા શિક્ષણાધિકારીશ્રી /રોજગાર અને તાલીમ અધિકારીશ્રી/આરોગ્ય અધિકારીશ્રી/ ખેતીવાડી અધિકારીશ્રી/ ઉક્ત સંબધિત જિલ્લા કક્ષાના વડાશ્રીઓને જરૂરી કાર્યવાહી અર્થે.

૧૪, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી જિ-તમામ ઉક્ત બાબતે જિલ્લામાં સંબધિત કચેરીઓના વડાશ્રી સાથે સંકલન અને જરૂરી કાર્યવાહી અર્થે.

Signature Not Verified
Signed by : VIKRAMSINH K JADAV
Director
Directorate of Social Defence
Date : 2026.04.02 18:44:37 IST